**ક્રમાંક-૧૦**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૭મી માર્ચ, ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ-૪ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮થી ૧૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સવારના ૧૦-૦૦ કલાકે પૂરો થયો.

૧.(અ) **જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે લાલ ડુંગળી અને બટાટા પકવતા ખેડૂતો માટે સહાય અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૨. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુકત વિષય ઉપર સોમવાર તા. ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) ગેનીબેન ઠાકોર
(૨) શ્રીમતી મનીષાબેન વકીલ
(૩) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૪) શ્રીમતી રીવાબા જાડેજા
(૫) ડો.દર્શિતાબેન શાહ
(૬) ડો.દર્શનાબેન દેશમુખ(પ્રવચન અધૂરું)

૩. **સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલે વિરામ બાદનું બાકીનું કામકાજ હાથ પર લેવા માટે વિરામનો સમય રદ કર્યો.

૪. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ સભ્યશ્રી ડો.દર્શનાબેન દેશમુખે પોતાનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રીમતી દર્શનાબેન વાઘેલા
(૮)શ્રીમતી રીટાબેન પટેલ
(૯) શ્રીમતી કંચનબેન રાદડિયા
(૧૦) ડો.પાયલબેન કુકરાની
(૧૧) શ્રીમતી સેજલબેન પંડ્યા

૫. **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છા**

સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલે ૮મી માર્ચ, ૨૦૨૩ના અનુસંધાને એડવાન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વિશ્વની, દેશ અને રાજ્યની તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવી.

૬. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૨) શ્રી બલવંતસિંહ રાજપૂત ( ઉદ્યોગ મંત્રીશ્રી)

**સભાગૃહ, શુક્રવાર તા ૧૦મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૧૧-૫૬ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૭મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.